**ફોજદારી ઈન્કવાયરી નં.૪૬/૨૦૨૬**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

૧. હાલની ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨(૨૮) અંતર્ગત " સરકારી નોકર " તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરિયાદ/ઈન્કવાયરી સબબ આરોપીઓને આંક-૩ અને આંક-૪ થી રજી.એ.ડી.થી નોટીસ કરેલ જે અનવ્યે સદર કામે સ્પીડ પોસ્ટની સફેદ પાવતી આંક-૫ અને આંક-૬ થી કામમાં સામેલ છે તેમજ આંક-૭ અને આંક-૮ થી ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ કામમાં સામેલ છે જે બજી ગયેલ હોવા છતાં આરોપીઓ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી.

૨. આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૨૩ મુજબની નોટીસ બજેલ છે પરંતુ આરોપીઓ જાતે કે તેમના વકીલ મારફતે હાજર રહેલ નથી કે તેઓએ હાલની ફરિયાદ સબંધે કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.તે સંજોગોમાં આ કામે રજુ ફરિયાદીની ફરિયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપીઓ સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

૧. હાલની ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપીઓ સામે બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૨૭ અન્વયે ફરિયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કેસની હવે પછીની મુદત તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તા.૧૦/૦૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અને ન્યાયધીશ(સી.ડી)
મજૂર અદાલત નં.૨,સુરત
Code No.GJ01279